

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તાના સંબંધથી જિંદગીઓ ભેલાય છે,*
*હસતાં હસતાં જ ખૂની ખેલ ખેલાય છે.*
*મિંચાય છે આંખો ઉડન ખાટલે નિર્દોષ*
*આનંદનું કફન ઓઢી મૃત્યુ રેલાય છે.*

### હાઈકુ

*બેદરકારી,*
*આંચકી લે જીવન -*
*ખેલખેલમાં...*
*(નિંભર તંત્ર)*

*છોડે ન તંત્ર!*
*નિર્દોષ ભૂલકાં ને*
*રાક્ષસી માયા...*
*(ચઢાવે ચગડોળે)*

### ચિંતન

**જાહુ વૈદ ઘર આપને, યહાં બાત ન પૂછે કોય,**
**જિન યહ ભાર લદાઈયાં, નિર બાહેગા સોય.**

ઉપરોક્ત સાખી કહતકબીરામાંથી લેવામાં આવેલ છે.

ભગવદ્ વિરહ વ્યથાથી પીડિત ભક્તની દવા કરવા તેનાં સંબંધીઓ વેદને બોલાવે છે. તેની ચિકિત્સા કરવા આવેદ વૈદને વિરહી ભક્ત કહે છે હે વૈદરાજ!! આપ આપને ઘરે પાછા જાવ! મને જે કંઈ બિમારી છે તે આપની કોઈ જ ઔષધિથી દૂર થાય તેમ નથી. મને જેણે વિરહ વ્યથારૂપ રોગથી પીડિત કર્યો છે. તે પરમાત્મા જયારે મળશે ત્યારે મારા રોગનું નિવારણ થશે. મારા માથા પર જેણે આ રોગનો બોજ નાખ્યો છે તે જ પ્રભુ તેને ઉઠાવવાની શક્તિ આપશે. મારું આ ભગવદ્ વિયોગનું દુ:ખ તેના સંયોગથી જ જશે. આ વિરહ વેદનાના દુ:ખની બીજી કોઈ દવા જ નથી.

### સુવિચાર

- એવું નથી કે કેટલાક પાસે ઈચ્છાશક્તિ હોય છે ને કેટલાય પાસે નહીં, સત્ય એ છે કે કેટલાક લોકો બદલાવ માટે તૈયાર રહે છે અને કેટલાક નહીં - **જેમ્સ ગોર્ડી**
- પરિવર્તનનો વિરોધ કરનારા લોકો વિદ્વંસના વાસ્તુકાર છે. માનવ સભ્યતામાં વિકાસ સામે ઈન્કાર કરનારા એકલા જૂથો કબ્રસ્તાન છે - **હેરાલ્ડ વિલ્સન**
- કોઈ પણ વિદ્યા પર 'હું' સવાર ન થઈ જાય અને વિકૃતિ સવાર ન થઈ જાય તો દરેક વિદ્યા મુક્તિ આપનારી વિદ્યા છે - **મોરારિ બાપુ**
- ઈશ્વર પરીક્ષાનો વિષય નથી. ઈશ્વર કેવળ ખોકલી સમીક્ષાનો પણ વિષય નથી. ઈશ્વર જનમ જનમની પ્રતિક્ષાનો વિષય છે - **પૂજ્ય મોટા**
- કોઈના સ્વભાવ પર કે કોઈની નિજતા પર અતિક્રમણ કરવું એ હિંસા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસનો સંકલ્પ જો વિકલ્પ રહિત હોય તો એને સિદ્ધ થતાં વાર લાગતી નથી - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : તજના પાઉડરને મધ સાથે મેળવી તે પેસ્ટ ચહેરા ઉપર લગાવી ૩૦ મિનિટ બાદ ધોઈ નાખવાથી ચહેરો ચમકીલો બને છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તુકારામે વર્ષો સુધી વેપાર કરવાના પ્રયત્નો કર્યા પણ દરેક જગ્યાએ છેતરાયા. સંસારના આ કડવા અનુભવને કારણે તેમણે મિથ્યા જગતમાંથી મોહ ત્યાગી ને ભક્તિનો માર્ગ અપનાવ્યો. મહારાષ્ટ્રના લોકો તુકારામનો ખૂબ આદર કરતા.

તુકારામ કદી બિન જરૂરી ભેટનો સ્વીકાર ન કરતાં. સંપત્તિની નજરે તેઓ ગરીબ હતા; પણ ઉદાર હૈયાના હતા. એક વાર તુકારામની ગરીબી જોઈ શિવાજી મહારાજે તુકારામ માટે સોનામહોરોની ભેટ મોકલી. સેવકે ભેટ તુકારામના ચરણમાં મુકી ત્યારે તુકારામે કહ્યું, 'પહેલા હું લક્ષ્મીજી પાછળ દોડતો હતો ત્યારે તે મને મળેલી નહીં. હવે જયારે ચિત્ત ભગવાનની ભક્તિમાં લાગેલું છે ત્યારે તેમાં વિઘ્ન પાડવા લક્ષ્મીજી મારી પાછળ પડ્યા છે' આવું કહી તેમણે સોનામહોરોનો સ્વીકાર કર્યો.

# ભારતનો વ્યૂહાત્મક વિજય

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય નૌકાદળના પૂર્વ કર્મચારી કુલભૂષણ જાધવને પાક લશ્કરી અદાલતે ફરમાવેલી ફાંસીની સજા પણ હેગ ખાતે આવેલી યુનાઈટેડ નેશન્સની આંતરરાષ્ટ્રીય અદાલતે સ્ટે આપ્યો છે અને કેસની ફેરતપાસનો આગ્રહ રાખ્યો છે. સોળ ન્યાયાધીશોની બનેલી આ આંતરરાષ્ટ્રીય અદાલતના એક જજ પાકિસ્તાનના હતા. માત્ર એમના સિવાયના તમામ પંદર ન્યાયાધીશોએ જાધવને પાક આર્મી અદાલત દ્વારા ફરમાવાયેલ ફાંસીની સજા ખોટી ઠેરવી છે. ભારત માટે આ આંતરરાષ્ટ્રીય સ્તરનો મોટો વિજય છે. દરેક બાબતે દેવાળિયા બની ગયેલા પાકિસ્તાનને છેલ્લાં વર્ષોમાં ભારતે વારંવાર વ્યૂહાત્મક તમાચા ફટકાર્યા છે પરંતુ એથી કંઈ એની વેરવૃત્તિ તોડી શમી જમાવી છે ? ઍર સ્ટ્રાઈક પછી એ ભારત સામે લશ્કરી ઝીંક ઝીકી શકે એમ નથી તે સ્પષ્ટ થઈ ગયું છે. એણે પણ ભારતીય સરહદમાં ઍર-અટકચાળું કરવા પ્રયાસ તો કર્યો હતો પરંતુ ભારતીય વાયુસેનાના સતર્ક ચોકી પહેરાને લીધે એમાં સફળ નહોતું થઈ શક્યું. છેલ્લે છેલ્લે ભારતીય વાયુ સેના વધુ આક્રમક મૂડ્માં આવી ગઈ છે. જો વધુ એક કારગીલની કોશિશ થઈ તો પાકિસ્તાન સામેનું એ અંતિમ યુદ્ધ હશે - એવી ચીમકી અમથી નથી અપાઈ. હાફિઝ સઈદની આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ ધરપકડ કરવી પડી છે. જો કે એ એક નાટકથી વિશેષ નથી એવું મનાઈ રહ્યું છે. અદાલતો એને ફરી એક વાર પૂરતા પુરાવાઓના અભાવે બાઈજ્જત છોડી મૂકે તો ભાગ્યે જ આશ્ચર્ય થશે. કુલભૂષણ કેસ હવે પાકિસ્તાન માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેવાનો છે. એમાં આંતરરાષ્ટ્રીય અદાલતે જે તારણ કાઢ્યા છે તે પાકિસ્તાન માટે બહુ જ નામોશી ભર્યા છે. કુલભૂષણને 'રૉ' (ભારતીય જાસૂસી સંસ્થા) ના પ્રતિનિધિ તરીકે બલૂચિસ્તાનમાંથી પકડ્યો હોવાનો પાકિસ્તાનનો દાવો છે. હકીકત એથી સાવ જુદી છે. કુલભૂષણ નૌકાદળમાંથી નિવૃત્ત થયા પછી ઈરાન વેપાર અર્થે ગયેલા હતા. ઈરાનમાંથી એમને બળજબરી પૂર્વક અપહરણ કરીને લાવવામાં આવ્યા અને 'હું ભારતીય જાસૂસ છું' એવું બળજબરીપૂર્વક નિવેદન કરાવાયું. પાકિસ્તાને આ નિવેદનોના આધારે સીધા જ આર્મી અદાલતમાં કેસ ચલાવવાનું નાટક કરી એમને ફાંસીની સજા ફરમાવી દીધી. એમને 'કોન્સ્યુલર ઍકસેસ' એટલે કે ભારતીય હાઈકમિશન સાથે સંબંધ સ્થાપિત ન કરવા દેવાયો. ભારત પાસે આ બહુ જ અગત્યનો વ્યૂહાત્મક મુદ્દો હતો. વારંવાર ભારતની માગણી છતાં પાકિસ્તાન એની જીદ પર અડી રહ્યું કે ભારત અમારા વિશે એમના જાસૂસે ભેગી કરેલી માહિતી જાણવા માટે એને મળવા માગે છે. વિયેના સંધિ મુજબ એક દેશે બીજા દેશના માણસની ધરપકડ કરી હોય તો એની વહેલી તકે જે - તે દેશને માહિતી પહોંચાડવાની શરત છે. પાકિસ્તાને આ શરતનો પણ સરેઆમ ભંગ કરી પોતાના જ પગ પર કુહાડો માર્યો હતો. એથી કુલભૂષણ જાધવ મુદ્દે ભારત સરકારે જયારે આંતરરાષ્ટ્રીય અદાલતમાં ધા નાખી ત્યારે એની પાસે પાકિસ્તાનની આડોડાઈ સાબિત કરવાનો પૂરતો મસાલો હતો. જાધવને માર મારીને અને ધમકી આપીને ખોટાં નિવેદનો ઓકાવવા મજબૂર કરાયો હતો એ મુદ્દે પણ આંતરરાષ્ટ્રીય અદાલતનું ધ્યાન ખેંચવામાં આવ્યું. જો કે આંતરરાષ્ટ્રીય અદાલતે ફાંસીની સજા મુલતવી રાખી ફરી ઊંડી તપાસ પછી જ કુલભૂષણ જાધવ અંગે પાક અદાલત નિર્ણય કરે - એવો અને એટલો જ આગ્રહ રાખ્યો છે. પાકિસ્તાન આખરે પાકિસ્તાન છે. સરબજિત સિંઘના કેસમાં એને છોડી મૂકવાના આદેશ પછી એના કેવા હાલહવાલ થયેલા તે સર્વવિદિત છે.

# શાસક પોતે જ દુરાચારી હોય તો ?



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

તપસ્યા માટે પ્રસિદ્ધ ધ્રુવની છઠ્ઠી પેઢીએ રાજા અંગ હતો. તે મહારાજ મનુનો પૌત્ર હતો. અંગની પત્નીનું નામ સુનીથા હતું. સંતાનમાં તેમને એક માત્ર પુત્ર વેન હતો.

વેન એક માત્ર પુત્ર હતો. તેથી લાડકોડમાં ઉછરતો હતો. એકદમ તોફાની હતો. જેટલો તોફાની હતો, એનાથી વધુ દુષ્ટ હતો. આ દુષ્ટતા તેને સુનીથાના પિતા તરફથી વારસામાં મળી હતી!

ખોટા લાડકોડને કારણે મા-બાપ એને અટકાવતાં નહીં એ દુષ્ટની સાથે ઘાતકી હતો.

એ નિર્દોષ પશુ અને પંખીઓને મારી નાખે. કારણ વગર સાધુ સંતોને અને ગરીબોને રંજાડે. શેરીમાં રમતા બાળકોને ઊંચકીને ફેંકે. રાજકુમાર વેન નીકળે એલે લોકો ઘરમાં પુરાઈને બારણા બંધ કરી દે.

રાજા પાસે સતત ફરિયાદો આવ્યા કરતી. પણ હવે પશ્ચાતાપનો કોઈ અર્થ ન હતો. હાથના કર્યા હૈયે વાગ્યા હતા. એ કોઈને કહી શકે એમ ન હતા. એણે જાતે નિર્ણય લઈ લીધો. મધ્યરાત્રિએ - રાણી અને પુત્રને સૂતેલા રાખીને - મહેલામાંથી નીકળી ગયો. નગર છોડી દીધું અને અજ્ઞાતવાસમાં સરી પડ્યો.

રાજયના મંત્રીઓની સભા મળી. એમણે ઋષિઓ અને મુનિઓને નિમંત્રણ આપ્યું. આ સંયુક્ત સભા મળી. તેમાં મંત્રીઓએ માર્ગદર્શન માગ્યું. 'આ પરિસ્થિતિમાં શું કરવું ? સર્વસંમતિથી નિર્ણય લેવાયો.' 'રાજયને રાજા વગરનું ન રખાય. વેન એક માત્ર પુત્ર છે. એને રાજ બનાવવો. જવાબદારી આવવાથી સુધારો થઈ જાય. ભૂતકાળમાં આવા ઉદાહરણો છે.'

અને ખરેખર બન્યું પણ એવું. વેન રાજા થયો. પછી બધુ સૂચારું રીતે ચાલવા લાગ્યું. પરંતુ જાણે કે, આ એનો કૃત્રિમ આચાર હતો. કૂતરાની પૂંછડી જમીનમાં દાટ્યા પછી, બહાર નીકળે; ત્યારે વાંકી જ હોય. ઘમંડ, ક્રૂરતા - બધા અવગુણો પાછા આવી ગયા. લોકો ત્રાસી ગયા. એ પોતે જ રાજા હતો. ફરિયાદ પણ કોને કરે ?

હવે તો એ રાજા થયો હતો. નવું સ્વરુપ પ્રગટ્યું. એણે લોકો માટે જાહેરાત કરીને, આદેશ બહાર પાડ્યા.

(૧) રાજા પોતે જ ઈશ્વર છે. રાજા સિવાય કોઈ ઈશ્વર નથી. રાજાની સેવાપૂજા કરવી, એ જ ધર્મ છે.

(૨) રાજા પોતે જ સર્વ દેવમય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઈન્દ્ર, વરુણ, મરુન - જે કોઈ દેવ હોય; તે બીજે કયાય નથી. રાજાના હૃદયમાં જ છે. એટલે કોઈએ યજ્ઞયાગ, દાનપુણ્ય - કશું કરવાનું નથી.

હવે પ્રજાજનોની દશા ખરેખર માઠી થઈ ગઈ. ધાર્મિક અને અન્ય સત્કાર્યો પર રોક લાગી ગઈ. ઋષિ મુનિઓ રાજાને મળ્યા. રાજાએ એમને ધમકાવીને કાઢી મૂક્યા.

ઋષિમુનિઓએ એકાન્તમાં મંત્રી પરિષદ બોલાવી; અને કહ્યું - 'આ રાજાને અમે બેસાડ્યો છે. એ જો પ્રજાને ત્રાસ આપતો હોય, તો હવેની જવાબદારી અમારી છે. અમે જો ચૂકી જઈએ, તો અમારું તપોબળ નાશ પામી જાય. અમારી પાકો ઉપાય છે.' મંત્રીઓએ, તેઓ જે કાંઈ કરશે; એમાં સંમતિ આપી.

ઋષિમુનિઓએ દંભની સળીઓ લીધી. એના પર નરવેધક તીવ્ર બાણોની વિભાવના કરી. એને નરસંહારક મંત્રોથી અભિમંત્રિત કરી. તેઓ રાજા વેને પાસે આવ્યા. ઓચિંતી જ આ સળીઓ રાજા પર છોડી. તત્કાળ જ રાજાનો વધ થઈ ગયો. એના મૃત્યુના સમાચારથી નગરજનોમાં આનંદ છવાઈ ગયો.

વેનને સદ્ગતિ હોય જ નહીં. પણ એનો પુત્ર મૃથુ ભગવાન વિષ્ણુનો અવતાર હતો. તેથી એની સદ્ગતિ થઈ.

# કયુ પર્વતીય સ્થળ ક્વિન ઑફ હિલ સ્ટેશન તરીકે ઓળખાય છે ?



## ખજાનો

અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ કોવલમ બીચ કયાં આવેલો છે ?
(અ) તિરુવનંતપુરમ (બ) ચેન્નઈ
(ક) કન્યાકુમારી (ડ) કાઝીકોડ

૨ મહારાષ્ટ્રનું કયું શહેર સંતરાના વેચાણ માટે જાણીતું છે ?
(અ) પુના (બ) નાગપુર
(ક) ઔરંગાબાદ (ડ) નાસિક

૩ ઉત્તરપ્રદેશનું કયું શહેર કાંસના વાણસો માટે જાણીતું છે ?
(અ) ફિરોઝાબાદ (બ) આગ્રા
(ક) બરેલી (ડ) મુરાદાબાદ

૪ ઝારખંડ રાજયનું કોડરમા કયા ખનીજ માટે જાણીતું છે ?
(અ) બોકસાઈડ (બ) તાંબુ
(ક) અબરખ (ડ) લિગ્નાઈટ

૫ મધ્યપ્રદેશનું કયું શહેર અફીણ ઉત્પાદન માટે જાણીતું છે ?
(અ) મંદસૌર (બ) ભોપાલ
(ક) ઈન્દોર (ડ) જબલપુર

૬ ભારતનું સુદૂર પૂર્વનું બિન્દુ કયું છે ?
(અ) ઈન્દિરા પોઈન્ટ (બ) ઈન્દિરા કાલ
(ક) સિરક્રીક (ડ) વાંગાલૂ

૭ કયુ પર્વતીય સ્થળ ક્વિન ઑફ હિલ સ્ટેશન તરીકે ઓળખાય છે ?
(અ) ઊટી (બ) સિમલા
(ક) આબુ (ડ) ગુલમર્ગ

૮ દિલ્હીની ત્રણે બાજુ કયા રાજયની સરહદ આવેલી છે ?
(અ) પંજાબ (બ) હરિયાણા
(ક) કાશ્મીર (ડ) ઉ. પ્રદેશ

૯ સુવર્ણરેખા પરિયોજના કયા રાજયમાં છે ?
(અ) બિહાર (બ) ઝારખંડ
(ક) ઉત્તરાંચલ (ડ) છત્તીસગઢ

૧૦ ભારતમાં સૌથી વધુ તળાવોમાંથી સિંચાઈ કયા રાજયમાં થાય છે ?
(અ)આંધ્રપ્રદેશ (બ) ગુજરાત
(ક) રાજસ્થાન (ડ) મધ્યપ્રદેશ

૧૧ ૧૯૮૩માં સૌ પ્રથમ મારૂતિ ઉદ્યોગ લિમિટેડની સ્થાપના કયાં કરવામાં આવી હતી ?
(અ) ભરતપુર (બ) અંબાલા
(ક) ગુડગાંવ (ડ) ચંડીગઢ

૧૨ ઉડીશાની મહાનદીના મુખત્રિકોણ પ્રદેશમાંથી શું મળી આવે છે?
(અ) સોનું (બ) થોરિયમ
(ક) ચાંદી (ડ) પ્લેટિનમ

૧૩ લૂશાઈ અનુસૂચિત જનજાતિના લોકો કયા રાજયમાં રહે છે ?
(અ) આસામ-નાગાલેન્ડ (બ) અરુણાચલ પ્રદેશ - નાગાલેન્ડ
(ક) આસામ - અરુણાચલ પ્રદેશ (ડ) મિઝોરમ - ત્રિપુરા

૧૪ કેગા પરમાણુ ઉર્જા ઉત્પાદન કેન્દ્ર કયા રાજયમાં આવેલું છે ?
(અ) કર્ણાટક (બ) ઉત્તરપ્રદેશ
(ક) કેરાલા (ડ) તમિલનાડુ

૧૫ ભારત અર્થમૂવર્સ લિમિટેડ કયાં આવેલ છે ?
(અ) ચંડીદઢ (બ) દિલ્હી
(ક) બેંગ્લોર (ડ) પૂના

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૯ જુલાઈ :**
  - કથક નૃત્યના કલાગુરુ પ્રસિદ્ધ નર્તક લચ્છુ મહારાજની પુણ્યતિથિ (૧૯૭૮)
  - જાણીતા ભારતીય વૈજ્ઞાનિક જયંત નારતીકરનો જન્મદિવસ (૧૯૩૮)
  - ભારતમાં ઈન્કમટેક્ષનો કાયદો અમલમાં આવ્યો (૧૮૬૦)
  - કાંતિવીર ઉધમસિંહનાં અસ્થિ લંડનથી દિલ્હી લાવવામાં આવ્યાં (૧૯૭૪)
- **૨૦ જુલાઈ :**
  - નોબલ પારિતોષિક વિજેતા, રેડિયોના શોધક ગુગ્લીએમો માર્કોનીનું નિધન (૧૯૩૭)
  - માધવરાય પ્રથમ પેશ્વા બન્યા (૧૭૬૧)
  - ન્યુઝીલેન્ડના એડમંડ હિલેરીની જન્મજયંતિ (૧૯૧૯)
  - સમૃદ્ધ કલાકોશના પ્રણેતા રામકૃષ્ણ દાસજીનું નિધન (૧૯૮૦)
- **૨૧ જુલાઈ :**
  - જાણીતા સાહિત્યકાર ઉમાશંકર જોષીનો જન્મ દિવસ (૧૯૧૧)
  - ગુજરાતી સંગીતકાર અવિનાશ વ્યાસનો જન્મ દિવસ (૧૯૧૧)
  - ગીતકાર આનંદબક્ષીનો જન્મદિવસ (૧૯૩૦)
  - નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્રની ધરતી પર પગ મૂક્યો (૧૯૬૯)
- **૨૨ જુલાઈ :**
  - ત્રિરંગા ઝંડાને રાષ્ટ્રધ્વજ તરીકે અપનાવાયો (૧૯૪૭)
  - અશ્વિની હ. ભટ્ટની જન્મજયંતિ (૧૯૩૬)
  - વિશ્વની પહેલી કાર રેસ ફ્રાન્સના પેરિસ અને રોન શહેરો વચ્ચે યોજાઈ (૧૮૯૪)
  - પ્રથમ પંક્તિના ગાયક મુકેશનો જન્મદિવસ (૧૯૨૩)
- **૨૩ જુલાઈ :**
  - ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના શિલ્પકાર લોકમાન્ય તિલકનો જન્મદિવસ (૧૮૫૬)
  - જાણીતા સંગીતકાર હિમેશ રેમશીયાનો જન્મદિવસ (૧૮૭૩)
  - ચંદ્રશેખર આઝાદની જન્મજયંતિ (૧૯૦૬)
  - દેશનો પ્રથમ કમર્શીયલ રેડિયો સ્ટેશન મુંબઈમાં શરૂ થયું (૧૯૨૭)
- **૨૪ જુલાઈ :**
  - ગુજરાતના અનાથોની સેવા કરનાર ખ્રિસ્તી આચાર્ય ડૉ. જયોર્જ વિલ્સનનું નિધન (૧૯૫૯)
  - જાણીતા ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજીનો જન્મદિવસ (૧૯૪૫)
  - રામકૃષ્ણ મિશન સંસ્થાની સ્થાપના કરવામાં આવી (૧૯૩૨)
  - અભિનેતા મનોજકુમારનો જન્મદિવસ (૧૯૩૭)
- **૨૫ જુલાઈ :**
  - અંગ્રેજી શિકાર કથાના સાહિત્યકાર જિમ કાર્બેટનો જન્મદિવસ (૧૮૭૫)
  - દેનાબેંકના પ્રણેતા પ્રાણલાલ દેવકરણ નાનજીનું નિધન (૧૯૫૬)
  - વિશ્વની પહેલી ટેસ્ટટ્યુબ બેબી લૂઈસ બ્રાઉનનો જન્મ (૧૯૭૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કયા બે રાજકીય નેતાઓ રાજયસભાના સદસ્ય તરીકે ગુજરાતમાંથી ચૂંટાયા?** **જવાબ : જુગાજી ઠાકોર (૨) સુબ્રહ્મયમ જયશંકર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૪) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ઈસરો દ્વારા ચંદ્રયાન-૧ કઈ સાલમાં છોડવામાં આવ્યું હતું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# તોબા...તોબા...



## હળવે હૈયે

પ્રકાશ લાલા

'આ મોબાઈલનો તો ત્રાસ છે!'

'હોય, કં, મોબાઈલની તો બોલબાલા છે...'

'એ તો છે જ ને... ઘરમાં, બસમાં, ટ્રેઈનમાં, ઓફિસમાં, અરે રસ્તામાં અત્ર તત્ર સર્વત્ર 'સર્વે જના' મોબાઈલ મોબાઈલ રમતા નજરે પડે છે...'

'હા, માણસને આજે ખાધા વગર કદાચ નભી જશે પણ મોબાઈલ વગર એનો જીવ જશે... એટલે તો કયાંક કોઈ નવું કોમ્પલેક્ષ બને છે તો એમાં પહેલી દુકાન મોબાઈલ રીપેરીંગ - એસેસરીઝની જ ચાલુ થતી જોવા મળે છે ને !'

'આ વોટ્સએપ ય કંઈક કરવું પડશે...'

'કેમ, શું થયું ? તમારા મોબાઈલમાં વોટ્સએપ બંધ થઈ ગઈ છે કે શું?'

'તો તો સારું જ ને.... આ તો બહુ પજવે છે...'

'એટલે ?'

'વોટ્સએપ ત્રણ પ્રકારે ત્રાસ આપે છે!'

'એ કઈ રીતે ?'

'આપણે કામે - કચેરીએથી ઘરે આવીએ ત્યારે 'વોટ્સએપ'માં મશગુલ શ્રીમતીજી આપણી નોંધ ન લે એ તો સમજ્યા... ઉલ્ટાનું વોટ્સએપ જોતાં જોતાં એમના ચહેરા પર જે ભાવો બદલાય તે આપણે જોવાના. ખરે, પાણી તો આપણે જાતે પી લઈએ એટલા સ્વાશ્રયી છીએ જ પણ પછી હોય ચાની અપેક્ષા... એને બદલે શ્રીમતીજી એટલે વોટ્સએપ પર જે કંઈ વાંચ્યુ - જોયું - સાંભળ્યું હોય એ આપણને સંભળાવા જલાવવાના ઉત્સાહમાં હોય એટલે એ 'કથાશ્રવણ' કરવાનું! અને રસ પડે કે ના પડે, 'હા.., અચ્છા, વાહ... કહેવું પડે....' કર્યા કરવાનું. જો કે આની પાછળ શ્રીમતીજીનો આશય તો આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો ને આપણામાં સારા વિચારોનાં બીજ રોપવાનો જ હોય છે એમ મન મનાવવાનું!! ઘરમાં શ્રીમતીજી જ શું કામ, દીકરો - દીકરી, વહુ સૌ કોઈ પોતપોતાનાં 'વોટ્સએપ વર્લ્ડ'માં વિહરવામાં વ્યસ્ત ને મસ્ત હોય છે !!'

'એ વાત તો સાચી, હોં...'

'વોટ્સએપ એક નવા વર્ગને જન્મ આપ્યો છે. એ છે 'ફોરવર્ડિયો' લોકોની જમાત... આ 'ફોરવર્ડિયો' સતત ઉદ્યમ કરતા રહે છે. એમના વોટ્સએપ પર જે કંઈ આવ્યું હોય તે વીણી વીણીને બીજાને - બીજા ગ્રુપ્સમાં ફોરવર્ડ કરી દેવાનો ઉદ્યમ. મને તો લાગે છે એમની આ સેવાનો (ગેર) લાભ બીજાઓને ૨૪x૭ મળતો રહેતો હોય છે... એ કંઈ જોતા નથી, કોને મોકલાય - કોને શું ના મોકલાય એ કશું વિચારતા નથી... બસ, અર્જુનની જેમ એમનું ફક્ત એક જ લક્ષ્ય હોય છે 'ધકેલો - મોકલો.' એક રીતે આ ફોરવર્ડિયા દોસ્તોની આવી ઉદારતા, વહેંચી દેવાની - કશું પોતાનું કરીને નહીં રાઓખવાના દિલાવરી સ્વભાવની પ્રસંસા કરવી ઘટે. કદાચ આ 'ફોરવર્ડિયા' વર્ગે 'ગમતું મળે તો અલ્યા ગુંજે / ના ઘાલીએ, ગમતાનો કરીએ ગુલાલ...' ગીત સાંભળ્યું છે ને આચરણમાં ઉતાર્યું છે, એમ માનવું પડે. તકલીફ એક જ છે કે આ બિરાદરોને બધુ જ 'ગમતું' લાગતું હોય છે ને એટલે એમની પાસે આવતા બધાનો 'ગુલાલ' કરી દેતા રહે છે. મરો આપણા જેવાનો થાય છે... કેમ કે 'આવા બધા મિત્રો દ્વારા આપણા વોટ્સએપમાં ઠલવાતું રહે છે ને ફોન હેંગ થઈ જાય છે.. આ જમા 'સ્ટફ' ને વાંચીને , 'ડીલીટ' કરવાના ધંધે આપણે લાગી જતા હોઈએ છીએ... જોવા ને સેવાની બાબત એ બને છે કે એકના એક મેસેજ, સુવિચાર, ફોટા-વીડિયો, જોક્સ 'માર્કેટ મેં બિલકુલ નયા હૈ' ની ટેગ સાથે એકથી વધુ વાર માથે મરાય છે...'

'હં... વેદ - ઉપનિષદ વાક્ય છે ને કે 'સર્વ દિશામાંથી સારા વિચારો પ્રાપ્ત થાવ...' તે નવા સંદર્ભમાં એમ કહેવાય કે 'વોટ્સએપ થકી દુનિયાભરની સારી-નરસી વાતો પ્રાપ્ત થાવ.' ખરું ને ?'

'હા... તદન સાચુ... આ થઈ વાત વોટ્સએપ દ્વારા થતા બીજા ત્રાસની...'

'તો ત્રીજો ત્રાસ કયો ?'

'એનું તો પૂછતા જ નહીં...'

'કેમ ? શું થયું ?'

'થયો તો મને કમરમાં ચસકો. ઓર્થોપેડિકને બતાવી તેમણે લખી આપેલી દવાને ફિઝિયોથેરાપી ચાલુ જ છે... પણ કઠણાઈ એ શરૂ થઈ છે કે મારી પીડાની જાણ લોકોને થતાં એ પરદુ:ખભંજકો તરફથી રોજ રોજ કમરનો ચસકો મટાડવાના 'દીદીમાના વૈદા' જેવા અવનવા નુસખાનો વોટ્સએપ પર ધોધ વહે છે... એ લોકો તો એમનો ફોરવર્ડિયો ધર્મ ભલે બજાવે પણ...'

'પણ શું ?'

'વોટ્સએપ પ્રેમી શ્રીમતીજી, મને જલ્દીથી સાજો - સરખો - રીપેર કરી દેવા એ બધા નુસખા-પ્રયોગો અમારી ઉપર કરે છે... કોઈએ મોકલ્યું કે 'ફલાણા વૃક્ષનાં પાન ઉકાળીને પાણી નરણાકોઠે પીવો... ભલભલો કમર દુખાવો જતો રહેશે...' તો એમણે અમને રોજ સવારે એ પીવડાવવા માંડ્યુ છે. કોઈએ વોટ્સએપ મોકલ્યો કે 'ફલાણું આયુર્વેદિક તેલ છે અકસીર' તો એની માલીશ શરૂ કરાવી દીધી છે... કોઈએ સૂચવ્યું કે શેક કરો તો એ અને કાંઈએ સૂચવ્યું કે બરફ ઘસવો, સારો તો એય કરવાનું. 'મેથી પ્રયોગ' આવ્યો તો એય નહીં છોડવાનો ને સૂંઠ-ગંઠોડાનો ઉકાળો ય ચાલુ... બસ, અમને એક જ ચિંતા છે...'

'શેની ચિંતા ? દુ:ખાવો મટી જશે એની ?'

'ના, હવે એ ચિંતા કે જો મને કમરનો દુ:ખાવો મટી ગયો તો એ શાનાથી મટ્યો એની અમને ખબર નહીં પડે...'

'ઓ - તારી... એ ચિંતા છે? જવા દો... પણ જો તમને કમર બહુ જ દુખતી હોય તો એક ઉપાય છે મારી પાસે... કહો તો વોટ્સએપ ફોરવર્ડ કરું ?'

'હેં ? પાછો વધુ એક પ્રયોગ ફોરવર્ડ કરવો છે ? બાપ, ના.... થેન્ક્યુ વેરી મચ, હોં !'